**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૩૦.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૨૬.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૨૬.૦° સે. |

**સાપુતારાને બેદરકારીનું ગ્રહણ** ગિરિમથક સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલની ઉંબરે તંત્રની ઘોર બેદરકારી, સાપુતારાના નોટિફાઈડ વિસ્તારના મુખ્ય માર્ગો પર ઠેર ઠેર ગંદકી, ગંદા પાણીનાં ખાબોચિયાંમાંથી ફેલાતી દુર્ગંધ પ્રવાસીઓના સ્વાગત માટે યોગ્ય નથી




# ઊભરાતી ચેમ્બરનું 'વેલકમ'


## સનરાઈઝ રોડ અને સનસેટ રોડ જેવા પ્રવાસીઓના મુખ્ય આકર્ષણસમા માર્ગો પર પણ ઠેર ઠેર ખાડા

સાપુતારાઃ ડાંગ જિલ્લાનું એકમાત્ર અને ગુજરાતનું પ્રખ્યાત ગિરિમથક સાપુતારા તેના કુદરતી સૌંદર્ય અને આહલાદક વાતાવરણ માટે જાણીતું છે. જે હાલ વિરોધાભાસી સ્થિતિનો સામનો કરી રહ્યું છે. એક તરફ ગુજરાત પ્રવાસન નિગમે સાપુતારામાં અગામી દિવસોમાં મોન્સૂન ફેસ્ટિવલની ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલુ કરી દીધી છે. બીજી તરફ સ્થાનિક વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતા સાપુતારાની શોભા બગાડી રહી છે. આ બેદરકારીના કારણે પ્રવાસીઓ અને સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સાપુતારાના નોટિફાઈડ વિસ્તારના મુખ્ય માર્ગો પર ઠેર ઠેર ગટરો ઊભરાઈ રહી છે અને ગંદા પાણીનાં ખાબોચિયાં અને તેમાંથી ફેલાતી દુર્ગંધ પ્રવાસીઓના સ્વાગત માટે યોગ્ય નથી. સાપુતારામાં ઠેર ઠેર ગટર ઊભરાઈને દુર્ગંધ ફેલાવતા પસાર થતા પ્રવાસીઓ મોંમાં હાથ અથવા રૂમાલ મૂકી આક્રોશ ઠાલવી રહ્યા છે.

ચોમાસાની ઋતુમાં આ સ્થિતિ વધુ વણસે છે. જેના કારણે મચ્છરજન્ય રોગો ફેલાવવાનો ભય પણ સતાવી રહ્યો છે. સ્વચ્છતાનો આ અભાવ પ્રવાસીઓ પર અત્યંત નકારાત્મક છાપ છોડી રહ્યો છે. ઉપરાંત મુખ્ય માર્ગો પરની સ્ટ્રીટ લાઈટ્સ બંધ હાલતમાં જોવા મળે છે. સૂર્યાસ્ત પછી સાપુતારાના રસ્તા પર અંધારપટ છવાય જાય છે. જે પ્રવાસીઓ અને સ્થાનિકો માટે રાત્રિના સમયે અવરજવરને મુશ્કેલ અને જોખમી બનાવે છે. સનરાઈઝ રોડ અને સનસેટ રોડ જેવા પ્રવાસીઓના મુખ્ય આકર્ષણસમા માર્ગો પર પણ ઠેર ઠેર મોટા ખાડા પડ્યા છે. આ ખાડા વાહનચાલકો માટે ગંભીર અકસ્માતોને નોતરી શકે છે. ખાસ કરીને વરસાદી વાતાવરણમાં જ્યાં ખાડા પાણીથી ભરાઈ જવાથી દેખાતા નથી. આ સ્થિતિ પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધા બંને માટે ચિંતાજનક છે.

સાપુતારામાં દર વર્ષે યોજાતો મોન્સૂન ફેસ્ટિવલ ગુજરાતના પ્રવાસન કેલેન્ડરનું એક મહત્ત્વનું પાસું છે. આ ફેસ્ટિવલ લાખો પ્રવાસીઓને આકર્ષે છે અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપે છે. ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગ આ ફેસ્ટિવલને સફળ બનાવવા માટે હાલમાં ભારે મહેનત કરી રહ્યા છે. વિવિધ કાર્યક્રમો, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને મનોરંજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. જો કે, આ બધી તૈયારીઓ વચ્ચે સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને લાપરવાહી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. જ્યારે પ્રવાસીઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સ્થાનિક તંત્રની છે, ત્યારે તેઓ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં પણ નિષ્ફળ રહ્યા છે. સ્વચ્છતા, લાઈટિંગ અને રસ્તાની જાળવણી જેવી પ્રાથમિક જરૂરિયાતોની અવગણના પ્રવાસન વિકાસના દાવાઓને પોકળ સાબિત કરી રહી છે.

સાપુતારાના સ્થાનિક રહીશો અને વેપારીઓ પણ તંત્રની આ બેદરકારીથી ભારે નારાજ છે. તેમનું કહેવું છે કે, જો આ સ્થિતિ ચાલુ રહેશે તો મોન્સૂન ફેસ્ટિવલની ઉજવણીનો મૂળ હેતુ જ માર્યો જશે અને પ્રવાસીઓ નિરાશ થઈને પાછા ફરશે. તેમણે તાત્કાલિક ધોરણે ઊભરાતી ગટરોને સાફ કરવા, બંધ સ્ટ્રીટ લાઈટ્સ ચાલુ કરવા અને ખાડાવાળા રસ્તાઓનું સમારકામ કરવા માટે તંત્ર સમક્ષ માંગણી કરી છે. ત્યારે આશા છેકે, મોન્સૂન ફેસ્ટિવલ પૂર્વે સ્થાનિક વહીવટી તંત્ર જાગૃત થશે અને પ્રવાસીઓને સુખદ અનુભવ પૂરો પાડવા માટે જરૂરી પગલાં ભરશે. શું તંત્ર ખરેખર ફેસ્ટિવલ પહેલા આ સમસ્યાઓનું નિવારણ લાવી શકશે કે પછી સાપુતારાની સુંદરતા પર બેદરકારીનું ગ્રહણ યથાવત રહેશે તે તો પ્રશ્ન જ રહ્યો.


ગીરીશ ભોયે

**રોગચાળો ફાટવાની દહેશત, છતાં તંત્ર ધ્યાન આપતું નથી**

આ બાબતે સાપુતારાના સાંઈ બજારના રેસ્ટોરન્ટનાં સંચાલક જયેશભાઇ પ્રજાપતિ જણાવે છે કે, છેલ્લા એકાદ મહિનાથી આનંદો સર્કલથી પેટ્રોલ પંપ સુધીની ચેમ્બર્સમાંથી ગટર ઉભરાતાં ગટરનું ગંદુ પાણી મુખ્ય માર્ગ પરથી વહે છે. જેના પગલે રોગચાળો ફાટવાની દહેશત છે. છતાં તંત્ર કંઈ ધ્યાન આપતું નથી.

### આ સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ: રામચંદ્રભાઈ હડસ

સાપુતારા નવાગામના સ્થાનિક આગેવાન રામચંદ્રભાઈ હડસ જણાવે છે કે, સાપુતારામાં રસ્તા-સ્ટ્રીટ લાઈટ તેમજ ગટરો ઊભરાવાની સમસ્યા મોટા પ્રમાણમાં છે. સ્થાનિક વહીવટી તંત્રએ આ સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ. ડાંગ વહીવટી તંત્ર આ સમસ્યાઓનું નિરાકરણ લાવી સાપુતારાને દીપાવે એ જ અમારી વિનંતી છે.

# આવી નીતિ કોને પચે?: વઘઈમાં મધ્યાહન ભોજનની ભરતીમાં 'સગાવાદ'ના આક્ષેપ

**નિવૃત્ત** સંચાલકોના પરિવારજનોને જ લાભ મળ્યાના આક્ષેપ સાથે તપાસની માંગ


ગીરીશ ભોયે

સાપુતારાઃ વઘઇ તાલુકામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના હેઠળ થયેલી તાજેતરની ભરતી પ્રક્રિયા વિવાદમાં સપડાઈ છે. આ ભરતીમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાના અને પારદર્શિતાનો ભંગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થતા જોવા મળી રહ્યા છે. આ બાબતે મામલતદાર, વઘઇને લેખિત રજૂઆત કરી આ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ અને ન્યાયની માંગણી કરવામાં આવી છે.

વઘઇ મામલતદાર કચેરી દ્વારા ગત ૨૦ મે, ૨૦૨૫ના રોજ મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલક, રસોઈયા અને મદદનીશની ખાલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત બહાર પાડી અરજીઓ મંગાવવામાં આવી હતી. આ જાહેરાતના પગલે સંખ્યાબંધ લાયક ઉમેદવારોએ અરજી ફોર્મ ભરી પોતાની દાવેદારી નોંધાવી હતી. આ અરજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયમ મુજબ ઉમેદવારોના ઈન્ટરવ્યુ પણ લેવામાં આવ્યા હતા. બાદ ૧૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ પસંદ કરાયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો (ઓર્ડર) આપવામાં આવ્યા હતા. જો કે, આ ઓર્ડરમાં દર્શાવેલી તારીખ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. આક્ષેપ છે કે, નિમણૂકપત્રો ૧૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ આપવામાં આવ્યા હોવા છતાં, ઓર્ડરમાં તા.૧૧ જુલાઈ, ૨૦૨૫ દર્શાવવામાં આવી હતી. આ પાંચ દિવસનો તફાવત ભરતી પ્રક્રિયામાં અંદરોઅંદરની કામગીરી થઈ હોવાના સંકેત આપે છે અને પારદર્શિતા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે.

આ મામલે સૌથી મોટો અને ગંભીર આક્ષેપ એ છે કે, જે સંચાલકો અગાઉ મધ્યાહન ભોજન યોજનામાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે, તેમના જ પરિવારજનોને નવી નિમણૂકોમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જે ગામોમાં આવી શંકાસ્પદ નિમણૂકો થઈ હોવાનો આક્ષેપ છે, તેમાં ડોકપાતળ, દગડપાડા, દેવીપાડા, ચિકાર (ઝાવડા), બોરીગાવઠા, કોયલીપાડા, સરવર અને કલમખેતનો સમાવેશ થાય છે. આ સમગ્ર બાબતને ખોટી રીતે થયેલી ગણાવીને ખરેખર લાયક અને જરૂરિયાતમંદ અરજદારોને ન્યાય મળે તેવી પ્રબળ માંગણી કરવામાં આવી છે.

# નવસારીમાં રંગવિહાર બેરંગ: કલાકારોની સલાહ વિના બન્યું, આજે ચામાચીડિયા-કબૂતર વસે છે!

**બે** કરોડનો ખર્ચ કરી રંગવિહાર બનાવી તો દેવાયું, પણ એકપણ કાર્યક્રમ થયો નથી



નવસારીઃ ચુંટાયેલા નેતાઓ અને અધિકારીઓ જે-તે ક્ષેત્રના નિષ્ણાતોની સલાહ લીધા વિના કામ કરે ત્યારે પ્રજાના ટેક્સના પૈસાની કેવી બરબાદી થાય છે, એ નવસારીમાં બે કરોડના ખર્ચે બનેલા રંગવિહારે પુરવાર કર્યું છે. અધધ ખર્ચે બનેલું રંગવિહાર કળાના કામમાં ઉપયોગી થવાને બદલે આજે ચામાચીડિયા અને કબૂતરોનો આવાસ બની ગયું છે.

નવસારી તો કલાકારોની ભૂમિ કહેવાય છે. અહીં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થતા રહે છે. અહીં નાટક તથા બીજા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પણ ટાટા હોલ અને રંગવિહાર જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહી છે. નવસારીમાં કળા પાંગરે એ હેતુથી એક નવા નાટ્યગૃહની જરૂર નવસારી પાલિકાને જણાઇ હતી. જૂના રંગવિહારના સ્થાને એક નવા રંગવિહારની ભેટ નગરને મળે એવું લોકો પણ ઈચ્છતા હતા, તેથી પાંચ વર્ષ પહેલાં જર્જરિત થયેલા જૂના રંગવિહારને નવા સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું હતું. પરંતુ નાટક યોજી શકાય એ માટે રંગવિહારમાં વિવિધ સુવિધાની જરૂર હોય છે. એ જરૂરિયાત રંગકર્મીઓ જ જાણી સમજી શકે છે, પરંતુ એવા રંગકર્મીઓની સલાહ સૂચન વિના જ બે કરોડનો ખર્ચ કરી રંગવિહાર બનાવી દેવામાં આવ્યું. પરંતુ નાટક યોજવા કે જાદુના શો કે બીજા કોઈ પણ કળાના કાર્યક્રમ યોજવા માટે આ રંગવિહાર સાનુકૂળ ન હોવાને કારણે આજ સુધી તેમાં એકપણ કાર્યક્રમ યોજાયો નથી. બે કરોડનો ખર્ચ કર્યા પછી પણ રંગવિહાર કળાનું કેન્દ્ર બનવાને બદલે ચામાચીડિયા અને કબૂતરો માટેનું આવાસ બની ગયું છે. હવે નવસારી મહાનગર પાલિકાના કારભારીઓ કળાને પ્રોત્સાહન મળે એ રીતે સપૂર્ણ સુવિધાયુક્ત રંગવિહાર બનાવીને નગરને ભેટ આપે એ દિશામાં વિચારણા થાય એ જરૂરી છે. નગરના કળાકારોને સાથે રાખીને રંગવિહારની ડિઝાઈન તૈયાર થાય એ વધુ જરૂરી છે, તેથી ફક્ત નાટક જ નહીં બીજા કળાના કાર્યક્રમો પણ રંગવિહારમાં યોજી શકાય.

# સાપુતારામાં બ્રેક ફેઈલ થતાં ટ્રાવેલ્સ બસ ઝાડ સાથે અથડાઈ



ગીરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારા સ્થિત તોરણ અંબિકા હોટેલના પાર્કિંગ એરિયામાં એક ખાનગી ટ્રાવેલ્સ બસ રિવર્સમાં આવતી વખતે હોટેલની દીવાલ અને ઝાડ સાથે ભટકાઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાથમિક માહિતી અનુસાર આ ટ્રાવેલ્સ બસની સાપુતારામાં જ બ્રેક ફેલ થઈ ગઈ હતી. જેના કારણે ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે બસ તોરણ અંબિકા હોટેલની દીવાલ અને ત્યાં ઊભેલા એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં તોરણ હોટલની દીવાલ અને લાઈટિંગ બોર્ડને નુકસાન થયું હતું. જો કે, ઘટના સમયે બસમાં કે આસપાસ કોઈ વ્યક્તિ ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

# નવસારીમાં પૂર્ણા નદી બ્રિજ 'પૂવર' જણાતાં 15 સપ્ટેમ્બર સુધી ભારે વાહનો માટે બંધ

**1978માં** બનેલો પુલ બંધ કરાતાં વૈકલ્પિક રસ્તા જાહેર કરાયા

નવસારીઃ નવસારી જિલ્લામાં આવેલો રાષ્ટ્રીય ધોરી માર્ગ-૬૪ એટલે કે કસ્બાપાર-વિરાવળ-નવસારી રોડ પર આવેલ પૂર્ણા નદી બ્રિજનું ઈન્સ્પેક્શન કરાતાં બ્રિજ 'પૂવર' કન્ડિશનમાં જણાતાં 15 સપ્ટેમ્બર સુધી ભારે વાહનો માટે બંધ કરાયો છે.

પૂર્ણા નદી પરનો આ બ્રિજ 1978માં બનાવવામાં આવ્યો છે. તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલી હોનારતને ધ્યાને લેતાં પૂર્ણા નદી પરના બ્રિજનું ઈન્સ્પેક્શન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીની હાજરીમાં કરવામાં આવતાં ડિઝાઈન સર્કલે આ બ્રિજ 'પૂવર' કન્ડિશનમાં માલૂમ જણાતાં આ બ્રિજ ભારે વાહનોની અવરજવર માટે બંધ કરવાની ભલામણ કરી છે.

ડિઝાઈન સર્કલની ભલામણને પગલે સલામતીના ભાગરૂપે બ્રિજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વ્હીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનનાં વાહનોની અવરજવર ચાલુ રાખવા નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે રાષ્ટ્રીય ધોરી માર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોનાં અવરજવર પર તા.18 જુલાઈથી આગામી તા.15 ઓગસ્ટ સુધી પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.



**આ છે વિકલ્પ: ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ**

નવસારી સુરત માર્ગે જતાં વાહનો માટે ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. સુરત તથા સચિન (SH-6)થી નવસારી તરફ આવતાં ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ(SH-195)થી નેશનલ હાઈવે-48થી નવસારી તરફ પસાર થઈ શકશે. કસ્બાપાર-આમરી-ધોળાપીપળા રોડથી નેશનલ હાઈવે-૪૮થી નવસારી તરફ પસાર થઈ શકશે. નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો નવસારીથી નેશનલ હાઈવે-48થી મરોલી-વેસ્મા રોડ(SH-195)થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે. નવસારીથી નેશનલ હાઈવે-48 થી કસ્બાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR)થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ચીખલીમાં નદી-કોતરો પર રૂ.૨૨.૬૫ કરોડના ખર્ચે ૯ જેટલાં નવાં સ્ટ્રક્ચર્સનું નિર્માણ કરવામાં આવશે

ઘેજ: ચીખલી તાલુકાનાં અલગ અલગ ગામોમાં ચોમાસા દરમિયાન સ્થાનિક નદી-કોતરો ઉપર નાના પુલો, ડુબાઉ કોઝ-વે પર પાણી ફરી વળતાં માર્ગો પરનો વાહન વ્યવહાર બંધ થઈ જતાં સ્થાનિકોને ભારે હાલાકી વેઠવી પડતી હોય છે. કેન્દ્રીય મંત્રી અને નવસારી સાંસદ સી.આર.પાટીલ, વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલ અને સ્થાનિક ધારાસભ્ય નરેશભાઇ પટેલની સામૂહિક રજૂઆતને પગલે રૂ.૧૨ કરોડ જેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવતાં તાલુકામાં ૮ જેટલાં નવાં સ્ટ્રક્ચર્સનું નિર્માણ થશે. માર્ગ-મકાન વિભાગ દ્વારા જે મંજૂરી આપવામાં આવી છે, જેમાં વેલણપુર એપ્રોચ રોડ રૂ.૧૫૩.૭૫, વેલણપુર એપ્રોચ રોડ રૂ.૨૫૬.૨૫, ગોડથલ મંદિર ફળિયા અગાસી આદિમ જૂથ રૂ.૧૦.૨૫, ધોલાર રાનપાડા થોરાતપાડા રોડ રૂ.૨૧.૬૦, રૂમલા-નડગધરી રોડ રૂ.૨૧૫.૨૫, આલીપોર મસ્જિદથી દેગામ વિલેજ રોડ રૂ.૮૨.૦૦, ઘેજ વાંઝરી ફળિયાથી ખેરગામ વાવ રોડ રૂ.૨૦૫.૦૦, ચરી પ્રાઈમરી સ્કૂલથી ગોરગામ રોડ રૂ.૨૫૬.૨૫ તથા ડોનજા ગામે ૧૦૨૫ લાખ મળી ૯ જેટલા નાના -મોટા પુલોનો સમાવેશ થાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભીતરી શક્તિઓના ઉઘાડ માટે ધર્મ એ શ્રેષ્ઠ ઔષધિ છે: પદ્મદર્શનવિજયજી મહારાજ


કેસરી બારીયા

બીલીમોરા: બીલીમોરા સોમનાથ રોડ સ્થિત શ્રી ગૌહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે શુક્રવારે અમૃતવાણીનું આચમન કરાવતાં કહ્યું હતું કે, સત્તા અને સંપત્તિની શક્તિ કરતાં પણ આધ્યાત્મિક શક્તિ ટોચ કક્ષાની છે. દુર્ભાગ્ય આપણું એ છે કે આપણે હજુ સુધી આધ્યાત્મિક શક્તિને ઓળખી શક્યા નથી. અણુશક્તિ કરતાં પણ આત્મશક્તિ કંઈક ગણી પ્રબળ છે. પરમાત્માને નમસ્કાર કરવાની આંતરિક ક્રિયા એ આત્મશક્તિને જાગૃત કરે છે. તે શક્તિથી વિઘ્નનાશ, દુ:ખનાશ અને ચિંતાનાશ થાય છે અને માનવનો જીવનપંથ નિષ્કંટક અને નિરામય બને છે. ભીતરી શક્તિઓના ઉઘાડ માટે ધર્મ એ શ્રેષ્ઠ ઔષધિ છે. ધર્મનું આખરી સ્ટેશન મોક્ષ છે. ધર્મ એ સુખની ફેક્ટરી છે. ધર્મ તમામ પ્રકારનાં સુખ આપી શકવા માટે સમર્થ છે.

### નવસારીમાં શોર્ટ સર્કિટ થતાં ઈકો કાર ભડકે બળી, ડ્રાઈવરનો બચાવ

નવસારી: નવસારી શહેરના છાપરા રોડ વિસ્તારમાં આવેલી મણીનગર સોસાયટી પાસે એક ઈકો વાન અચાનક જ ભડકે બળી હતી. જો કે, ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતાં તેનો બચાવ થયો હતો. છાપરા રોડ પાસે આવેલી મણીનગર સોસાયટી પાસે એક ઈકો વાનમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જો કે, આગના ગોટેગોટા નીકળવા માંડતા ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી તરત બહાર નીકળી આવતાં તેનો ઉગારો થયો હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને થતાં ટીમ તત્કાળ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

### નવસારીમાં દસ ફ્લેટનાં તાળાં તૂટ્યાં, 58 હજારની માલમતાની ચોરી

નવસારી: નવસારીમાં એક એપાર્ટમેન્ટમાં બંધ દસ ફ્લેટનાં તાળાં તૂટતાં જુદાં જુદાં ઘરોમાંથી 58 હજારની વિવિધ ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. નવસારી ટાઉન પોલીસમાં સોનવાડા ખાતે રહેતા કલ્પેશ મિસ્ત્રીએ નોંધાવેલી ફરિયાદ મુજબ કુંભારવાડમાં લાલબાઈ માતા સ્ટ્રીટ ખાતે આવેલા પ્રાંજલ એપાર્ટમેન્ટમાં પોતાના ઘરે ગયા હતા, ત્યારે એપાર્ટમેન્ટના દસે દસ ફ્લેટનાં તાળાં તૂટેલાં જણાતાં તપાસ કરતાં ફ્લેટ્સમાંથી 40000 રૂપિયાના ચાર ટીવી, 3 હજારની રાંધણ ગેસની ત્રણ સગડી, 10 હજાર રૂપિયાના જેગુઆર કંપનીના ચાર નળ અને ફ્લેટમાં રાખેલા 5 હજારના બે સીસીટીવી કેમેરા સહિત બોક્સ મળીને કુલ 58000 રૂપિયાની ઘરફોડ ચોરી થઈ છે. આ ઘટનાની તપાસ નવસારી ટાઉન પોલીસના પોસઈ આર.એમ.વાડલે કરી રહ્યા છે.

### વઘઈની આદર્શ નિવાસી શાળા ખાતે માર્ગ સલામતી સેમિનાર યોજાયો

સાપુતારા: સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી-ડાંગના સહાયક મોટર વાહન નિરીક્ષક આર.એલ.ચૌધરી દ્વારા વઘઇ ખાતેની આદર્શ નિવાસી શાળા ખાતે માર્ગ સલામતી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દરમિયાન શાળાનાં બાળકોને માર્ગ સલામતીની ગંભીરતા સમજાવી, માર્ગ પર ચાલતી વખતે રાખવાની કાળજી, શાળા માટેની બસ/વાહનમાં ચડતી/ઊતરતી વખતે રાખવાની કાળજી તેમજ સામાન્ય રોડ સાઈનેજીસ વિશેની રસપ્રદ માહિતી આપવામા આવી હતી. તથા માર્ગ સલામતી અંગે સંકલ્પ લેવડાવી સેમિનારનું સમાપન કરવામાં આવ્યું હતું.

### વિજલપોરમાં તલવાર સાથે એક પકડાયો

નવસારી: વિજલપોરના રેવાનગર ખાતે રહી મજૂરીકામ કરતો આકાશ યાદવ નામનો યુવાન હાથમાં તલવાર સાથે જોવા મળતાં નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામા સંદર્ભે પૂછપરછ કરતાં તેણે પંચ સમક્ષ કોઈ ખુલાસો નહીં કરતાં જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ નવસારી રૂરલ પોલીસમથકના એએસઆઈ વિપુલભાઈ કરી રહ્યા છે.

### પારડી હાઈવે પર ઓઇલ ભરેલા ટેન્કરને અકસ્માત


અમૃત પટેલ

પારડી: પારડી હાઇવે પર ગેજ ઓઇલથી ભરેલા ટેન્કરને પાછળથી આવી રહેલી એક ટ્રકે ટક્કર મારતાં ટેન્કરમાંથી ઓઈલ લીકેજ થતાં દોડધામ મચી ગઈ હતી. પારડી નેશનલ હાઇવે નં.48 સ્પર્શ વુમન્સ હોસ્પિટલ સામે સેલવાસથી પોરબંદર જતા ટેન્કર સાથે અકસ્માત સર્જાતાં ટેન્કરમાંથી અંદાજે 30 હજાર લીટર જ્વલનશીલ ઓઇલ લીક થતાં આગ લાગવાની ભીતિ સર્જાતાં પોલીસ સ્થળ પર દોડી આવી હતી. સુરક્ષાના ભાગરૂપે સુરત તરફ જતો હાઇવે બંધ કરાવી ટેન્કરને ચંદ્રપુર બ્રિજ નીચે ખસેડવામાં આવ્યું હતું. ઘટના સ્થળે પારડીના પીઆઈ. જી.આર.ગઢવી, પાલિકા પ્રમુખ ચેતન નાયકા, પાલિકા સદસ્ય જીગ્નેશ માંગેલા, જીગ્નેશ પટેલ સ્થળ પર દોડી આવ્યા હતા. જ્વલનશીલ પ્રવાહી લીકેજ થતાં ફાયર બ્રિગેડને તાત્કાલિક સ્થળ પર બોલાવવામાં આવી હતી. ફાયર બ્રિગેડની સાથે ટેન્કરને પારડી જીઆઈડીસીના ખુલ્લા મેદાનમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યું હતું. પારડી પોલીસ અને પાલિકાની સતર્કતા અને સમયસર નિર્ણય લેતાં મોટી દુર્ઘટના બનતા ટળી હતી.

### દેગામ પાસે કારમાંથી વિદેશી ઝડપાયો

ઘેજ: નવસારી એલસીબી પોલીસના પીઆઇ એસ.વી.આહીર, પીએસઆઇ-વાય.જી.ગઢવી, હે.કો-ગણેશ દીનુ, પો.કો. કિરણ ભગુ સહિતનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમીના આધારે દેગામ રેલવે ઓવરબ્રિજ પાસે ને.હા.નં.૪૮ મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર વોચ ગોઠવી હતી. ત્યારે મારુતિ બ્રેઝા કાર નં.(જીજે-૧૨-સીપી-૭૫૪૭) આવતાં પોલીસની નાકાબંધી જોઈ કાર હંકારી નવસારી તરફ ભાગવા જતાં ઓવરબ્રિજ ઊતરતાં કાર ડિવાઇડર સાથે અથડાઈ હતી. બાદ ચાલક કાર મૂકી ત્યાંથી ફરાર થઇ ગયો હતો. બાદ નવસારી એલસીબી પોલીસે કારની તલાસી લેતાં અંદરથી કિં.રૂ.૧,૬૮,૦૦૦નો દારૂ, કારની કિં.રૂ.૫ લાખ ગણી કુલ રૂ.૬,૬૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી મારુતિ બ્રેઝા કારના ચાલકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પોલીસ કરી રહી છે.